# શહેરમાં નવા પાંચ, જિલ્લામાં ૬ કેસ : કુલ ૧૧ કેસ

**શહેર-જિલ્લામાં લોકડાઉનના અમલને લઈ તંત્રએ હવે સખ્ત વલણ અપનાવવાનો નિર્ણય કર્યો : ૩ કેસ હદના વિવાદમાં અટવાયા : ૧૧ નવા કેસમાં ૬ મહિલા દર્દી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ આતંક મચાવ્યો છે. આજે શહેરમાં કોરાનાના પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં છ કેસ નોંધાયા છે. આ સાથે એક જ દિવસમાં ૧૧ કેસ નોંધાતા તંત્રએ લોકડાઉનના અમલમાં વધુ સખ્ખાઈ દાખવી છે એટલુ જ નહિ કામ સિવાય ઘરની બહાર નહિ નીકળવા લોકોને અપીલ પણ કરવામાં આવી છે.

જિલ્લામાં નોંધાયેલા ૩ કેસ હદના વિવાદમાં અટવાયા છે. આ ત્રણેય કેસ અમદાવાદ સાથે સંકળાયેલા છે.

આજે જે ૧૧ કેસ નોંધાયા છે તે બધાજ લોકલ ટ્રાન્સમિશનને લઈ નોંધાયા છે. આજે નોંધાયેલ ૧૧ કેસમાં ૩ આરોગ્ય કર્મી તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ ૩ આરોગ્ય કર્મીઓમાં બે મહિલા દર્દી અમદાવાદમાં નર્સિંગ સ્ટાફમાં સેવા બજાવે છે. જ્યારે એક પુરૂષ દર્દી છે જે કેન્સર રિસર્ચ સોસાયટીમાં લેબ ટેકનીશ્યન તરીકે સેવા આપી રહેલ છે.

આજે નોંધાયેલ ૧૧ કેસમાં ૬ મહિલા દર્દી છે. આ ઉપરાંત ૮૧ વર્ષના એક વૃદ્ધ છે તો ૩ માસની નાની દિકરી પણ કોરોનામાં સપડાઈ છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ ૧૧ કેસ સાથે ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસની સંખ્યા ૪૯ થવા જાય છે.

શહેર-જિલ્લામાં વધી રહેલા કેસોને પગલે તંત્ર દ્વારા ગઈકાલે રાત્રે પોલીસે ફલેગ માર્ચ કરી હતી. આજે લોકડાઉનનો અમલ પણ સખ્ખાઈ સાથે કરાવવામાં આવી રહેલ છે. શહેરમાં હવે માત્ર 'ચ' રોડ પરથી જ પ્રવેશ આપવામાં આવશે. શહેરના પ્રવેશ માર્ગો પર પોલીસે નાકાબંધી પણ કડકાઈ સાથે અમલી બનાવી છે.

જિલ્લામાં સૌથી વધુ ટ્રાફિક જણાતા ચિલોડા સર્કલ પાસે પોલીસે ૪૦ થી વધુ વાહનો પણ ડિટેઈન કરેલ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકડાઉનનો અમલ અસરકારક રીતે થાય તે માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

## શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા

**સે. ૨-બી, ૩-સી, સે. ૧૩-બી અને સે. ૨૪માં કેસો નોંધાયા : આજે નોંધાયેલા પાંચ કેસમાં બે અમદાવાદ સેવા આપતા આરોગ્યકર્મી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ કેસ કોરોના પોઝીટીવના નોંધાતા મનપાનું તંત્ર દોડતુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે વધુ પાંચ કેસ નોંધાયા છે તે લોકલ ટ્રાન્સમિશનને લઈ જ નોંધાયા છે. જે પાંચ કેસ મળી આવ્યા છે તેમાં સે. ૨-બી ના બે કેસ છે તો સૌથી ગીચ વસ્તી ધરાવતા સે. ૨૪ નો એક કેસ છે. આ ઉપરાંત સેક્ટર-૩-સી માંથી એક અને એક કેસ સે. ૧૩ માંથી મળેલ છે.

સેક્ટર-૨-બી માં નોંધાયેલ એક કેસમાં તો જે મહિલાને પોઝીટીવ ટેસ્ટ રિપોર્ટ આવ્યો હતો તેમના પતિ જ છે. જે ૬૦ વર્ષની આયુ ધરાવે છે. આ ઉપરાંત ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં લેબ ટેકનીશ્યન તરીકે ફરજ બજાવતા એક ૩૨ વર્ષીય કર્મયોગીને પણ આજે કોરોના પોઝીટીવ જણાયેલ છે.

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના બીજા કર્મયોગીને કોરોના પોઝીટીવ જણાતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે.

આ ઉપરાંત ૩-સી માં જે કેસ નવો નોંધાયો છે તે નોંધાયેલ દર્દીના સગા હોવાનું સામે આવેલ છે. ૩૨ વર્ષીય મહિલાનો આજે ટેસ્ટ પોઝીટીવ આવતાં તેણીનીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજ પ્રમાણે શહેરમાં સૌથી ગીચ વસ્તી ધરાવતા સેક્ટર-૨૪ માં એક શ્રીનગરમાં રહેતા અને ડ્રાયવર તરીકે સેવાઓ આપતા ૫૦ વર્ષીય પુરૂષને કોરોના પોઝીટીવ આવેલ છે.

શહેરની ઓળખ ધરાવતા મહાત્મા મંદિરને અડીને આવેલ સે. ૧૩-બી માં રહેતી એક મહિલાને પણ આજે કોરોના પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં સેવારત છે. ૨૭ વર્ષીય મહિલાનો આજે રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

તંત્ર દ્વારા આ તમામ સેક્ટરોમાં કરવાની થતી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત આ સેક્ટરોમાં સઘન સર્વેલન્સના આદેશ આપવામાં આવ્યા છે.

શહેરમાં કોરોના પોઝીટીવના અત્યાર સુધીમાં ૨૫ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૨ લોકો સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. એક વ્યક્તીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ. જ્યારે હાલ ૧૨ વ્યક્તીઓ સારવાર હેઠળ છે અને તમામની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

### સિવિલમાં ૩ દર્દી ઓક્સીઝન પર

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર હેઠળ રહેલા દર્દીઓ પૈકી ૩ દર્દીને શ્વાસમાં તકલીફ ઉભી થતાં તેમને ઓક્સીજન પર રાખવામાં આવ્યા છે. બાકીના દર્દીઓની તબિયત સ્થિર છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૨૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. જમાં બે બાળકો છે.

### આજના પોઝીટીવ દર્દીઓની વિગતો

| ક્રમ | જાતિ | ઉંમર | રહેઠાણ |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી | ૩ માસ | હાલીસા(દહેગામ) |
| ૨ | સ્ત્રી | ૪૨ વર્ષ | હાલીસા(દહેગામ) |
| ૩ | પુરૂષ | ૨૪ વર્ષ | હાલીસા (દહેગામ) |
| ૪ | પુરૂષ | ૪૦ વર્ષ | અડાલજ |
| ૫ | સ્ત્રી | ૫૯ વર્ષ | પેથાપુર |
| ૬ | પુરૂષ | ૫૪ વર્ષ | સેક્ટર-૨-બી |
| ૭ | પુરૂષ | ૪૯ વર્ષ | સેક્ટર-૨૪ |
| ૮ | સ્ત્રી | ૩૫ વર્ષ | સેક્ટર-૩-સી |
| ૯ | પુરૂષ | ૫૯ વર્ષ | સેક્ટર-૨-બી |
| ૧૦ | સ્ત્રી | ૨૭ વર્ષ | સેક્ટર-૧૩-બી |

### પ્રભારી સચિવ સંજીવકુમારે તાબડતોબ સમીક્ષા બેઠક બોલાવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે એક જ દિવસમાં નોંધાયેલા ૧૧ કેસને પગલે હરકતમાં આવેલ સરકારે તાત્કાલિક પ્રભારી સચિવ સંજીવકુમારને જિલ્લામાં જઈ સમીક્ષા કરી અહેવાલ આપવા જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે બપોરે પ્રભારી સચિવ સંજીવકુમાર ગાંધીનગર કલેક્ટર ઓફિસ ખાતે આવી પહોંચ્યા હતા અને અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક કરી લેવામાં આવેલા પગલાં તેમજ લેવાઈ રહેલા પગલાંઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય ઉપરાંત મ્યુનિ. કમિશનર ડૉ. રતનકંવર ગઢવી ચારણ, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સોલંકી, એચ.ઓ.એચ. ડૉ. ગોસ્વામી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં આજ સુધીમાં કોરોનાના ૨૫ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કેસ નોંધાયા છે.

## ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ નોંધાયા

**૩ માસની બાળકી પણ કોરોનાની ઝપટમાં તો અડાલજનો શ્રમજીવી પરિવારનો યુવાન પણ કોરોનામાં સપડાયો : ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૪ કેસ નોંધાયા**



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે છ કોરોના પોઝીટીવના કેસ નોંધાતા તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના હાલીસા ખાતે અમદાવાદ એસ.આર.પી.માં ફરજ બજાવતા જવાનને કોરોના પોઝીટીવ આવ્યા બાદ આજે તેના પરિવારમાં વધુ બે વ્યક્તીઓને કોરોના પોઝીટીવ આવેલ છે.

આ બન્ને વ્યક્તીઓ ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં હતા અને તેમનો ટેસ્ટ કરાતાં તે

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર જિલ્લાના ૩ કેસ હદના વિવાદમાં અટવાયા

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ ૩ કેસ વધુ એકવાર હદના વિવાદમાં ફસાયા છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના નાંદોલ ખાતે એક મહિલા નવા નરોડા વિસ્તારમાંથી તેના પિયરમાં આવી હતી પરંતુ તેણીનીને તાવ હોવાનું જણાતાં તેનો ટેસ્ટ કરાયો હતો. આ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હાલ મહિલા નવા નરોડા પરત ફરી હોવાથી હદને લઈ વિવાદ ઉભો થયો છે. આ કેસ અમદાવાદ મનપાનો ગણાશે તેમ હાલ મનાઈ રહ્યુ છે. જો કે જિલ્લાતંત્ર દ્વારા નાંદોલ ગામે સેનીટાઈઝેશન સહિતની આનુસંગિક કામગીરી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. એટલુ જ નહિ ત્યાં સઘન

● અનુસંધાન પાન-૭ પર





પ્રવેશદ્વારે ચક્કાજામ - ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ પર સવારે ૧૦ કલાકે ચક્કાજામ સર્જાયું હતું... ગાંધીનગરમાં વધતા જતા કોરોના કેસને પગલે સત્તાવાહકોના જાહેરનામા પ્રમાણે ગુરૂવાર સવારથી જ માત્ર ચ-૦થી ગાંધીનગરમાં પ્રવેશ મળી શકશે એવી જાહેરાતના પગલે શહેરમાં પ્રવેશમાં ગાડીઓની લાંબી લાઈન લાગી હતી... પ્રવેશદ્વાર પોલીસ કર્મીઓ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓ આરોગ્યની ચકાસણી પણ કરતા જેથી સ્વાભાવિક જ પ્રવેશ માટે રાહ જોવી પડતી હતી.

# ગાંધીનગર રાજ્યનું હોટેસ્ટ સીટી

**શહેરમાં કોરાના અને ગરમી વચ્ચે યુધ્ધ : આકાશમાંથી આગ વરસી ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોચ્યો : અમદાવાદમાં રેડ એલર્ટ ગાંધીનગરમાં પણ હજુ ગરમી વધવાની સંભાવના : મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોંચે તેવી શક્યતા ૩જીમેથી ગરમીમાં આંશિક ઘટાડો થશે : લોકડાઉન વચ્ચે ઘરમાં પુરયેલા નગરજનો હવે ગરમીથી પણ અકળાયા**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ગરમીએ છેલ્લા ત્રણ ચાર દિવસથી કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના કહેર વચ્ચે ગરમીએ પણ માથુ ઉંચકતા લોકડાઉનની અસર વચ્ચે ઘરમાં પુરાયેલા નાગરિકો ઘરમાં પણ અકળામણ અનુભવી રહ્યા છે. આજે પણ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો ૪૪ ડીગ્રી એ પહોંચ્યો હતો. નગરજનોએ ભઠ્ઠીમાં શેકાતા હોય તેવો અહેસાસ કર્યો હતો. લોકડાઉનની સાથે ગરમીનુ પ્રમાણ વધતા નગરજનો હવે ઘરમાં અકળામણ અનુભવી રહ્યા છે. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ. આજે પણ એક ડીગ્રીના વધારા સાથે આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. હજુ પણ ગરમી વધવાની સંભાવના છે. ત્યારે હવામાન વિભાગે ગાંધીનગર અમદાવાદમાં રેડ એલર્ડ જારી કર્યુ છે. અમદાવાદ ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચવાની સંભાવના છે. કોરાના અને ગરમી વચ્ચે યુધ્ધ જામ્યુ છે. ત્યારે નાગરિકોએ ઘરમાં રહેવુ જ સલાહભર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં કેટલું તાપમાન

રાજ્યમાં સૌથી ગરમ શહેર ગાંધીનગર ગાંધીનગરનું મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી વડોદરાનું મહત્તમ તાપમાન ૪૩.૩ ડિગ્રી અમરેલીનું મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી રાજકોટનું મહત્તમ તાપમાન ૪૨.૩ ડિગ્રી સુરેન્દ્રનગરનું મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી.


SHRADDHADEEP GREEN CROSS
PATHOLOGY LABORATORY

**શ્રદ્ધાદિપ ગ્રીનક્રોસ પથોલોજી લેબોરેટરી**

ગુજરાત સરકાર ના તમામ નિયમો પાળી, ૨૪ કલાક ગાંધીનગર જિલ્લા માં પથોલોજી લેબોરેટરી ની સેવાઓ આપી રહી છે

- ૩૧૭, સેક્ટર - ૧૬ , ઘ-૪ ગાંધીનગર (M) 8153008666 - **૨૪ કલાક ચાલુ છે**
- ૯૧૦/૧, સેક્ટર - ૭ સી , સિવિલ હોસ્પિટલ સામે (M) 8153008777 - સવારે ૭ થી રાત્રે ૯ સુધી
- હાઈટેક હોસ્પિટલ , ગ્રાઉન્ડ ફ્લોર , ૧૧૮૦, સેક્ટર - ૩ ડી , (M) 8155020044 - **૨૪ કલાક**
- ૫, ગ્રાઉન્ડ ફ્લોર, સાર્થક મોલ, બેંક ઓફ બરોડા પાછળ, સરગાસણ (M) 7046015025 - **સવારે ૭ થી ૭**
- ૧૪, ગ્રાઉન્ડ ફ્લોર , શ્રી ઉગતી કોર્પોરેટ, નેક્ષા શો રૂમ પાસે , કુડાસણ (M) 8155020065 - **સવારે ૭ થી ૭**

SHRADDHADEEP BLOOD BANK
(Lic. No. GB-70)
Plot No. 328,329, Shiv Complex, Sector-18, Gandhinagar

**શ્રદ્ધાદિપ બ્લડ બેંક**
**૨૪ કલાક ચાલુ છે**


- લોહી ની જરૂરિયાત પૂરી કરવા માટે સ્વેછીક રક્તદાન સ્વીકાર્ય છે.
- ઘરે થી રક્તદાન સ્વીકાર્ય છે, અમારી ટીમ સંપૂર્ણ તકેદારી સાથે ઘરે આવી ને રક્તદાન લઈ જશે .

ગુજરાત સરકાર ના તમામ નિયમો પાળી, શ્રદ્ધાદિપ બ્લડ બેંક ૨૪ કલાક ગાંધીનગર જિલ્લામાં બ્લડ બેંકની સેવાઓ આપી રહી છે

પ્લોટ - ૩૨૮, ૩૨૯ , સેક્ટર - ૧૬ , ઘ-૪ ગાંધીનગર
(M) 9825583898, 8347272527


## શહેરમાં પ્રવેશતા વાહનોને ઘ, ચ અને જ માર્ગ પરથી પ્રવેશ અપાશે

**ચિલોડા, માણસા અને વિજાપુર તરથી આવતા વાહનોને ઘ-૭, ચ-૭ અને સે-૩૦ સર્કલથી પ્રવેશ મળશે**




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં બિલ્લીપગે કોરોના વાયરસે પગપેસારો કરી અજગરી ભરડો લીધો છે. કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા તંત્ર પણ સાબદુ બની ગયું છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પોલીસ તંત્ર દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગાંધીનગર શહેરમાં બહારથી આવતા અમદાવાદ સહિતના વાહનોને માત્ર મુખ્ય ઘ, ચ અને જ માર્ગ પરથી પ્રવેશ મળશે. આ માટે જિલ્લા કલેકટર ડો.કુલદિપ આર્ય એ જાહેરનામુ બહાર પાડ્યું છે. આ જાહેરનામુ તા.૧ થી ૧૦ મે સુધી અમલી બની રહેશે. જયારે આવશ્કય સેવાઓમાં એમ્બ્યુલન્સ, ફાયર અને બંદોબસ્તમા રહેલા વાહનોને મુકતી આપવામાં આવી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ગુરુવારના રોજ લોખંડી બંદોબસ્ત ગોઠવીને માત્ર ચ-૦ થી વાહનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. લોકડાઉનના સમયગાળામાં પણ રોજના હજ્જારો વાહનો આવન જાવન કરે છે. ત્યારે ગુરુવારના રોજ માત્ર એક જ પ્રવેશમાર્ગ ખુલ્લો હોવાથી ઓફિસ ટાઈમના સમયે ચ-૦ સર્કલ પાસે વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. એક તબક્કે વાહનોના ખડકલાને પગલે એક કિલો મીટર સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો. તાત્કાલીક પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક હળવો કરી દેવાયો હતો. સરકારી કર્મચારીઓ અને નગરજનોને અગવડ ના પડે અને ટ્રાફિકના દ્રશ્યો ના સર્જાય તે માટે શહેરમાં પ્રવેશતા વાહનોને ત્રણ રસ્તાથી પ્રવેશ આપવાનું નક્કી કરાયુ હતુ.જયારે લોકડાઉનમાં છુટછાટ હોય તેવા વાહનોને પણ પોલીસે આઈકાર્ડ અને ઓર્ડર હાથમાં રાખે જેથી સમયનો બગાડ થાય અને અને ટ્રાફિક પણ થાય નહી. જયારે ચિલોડા, માણસા અને વિજાપુર તરફથી આવતા વાહનોને સેકટર-૩૦ સર્કલ, ઘ-૭ અને ચ-૭ ના માર્ગેથી પ્રવેશ મેળવી શકશે. જયારે આજે પોલીસે શહેરના ઘ, ગ અને ખ માર્ગ પર બિન જરુરી ફરતા વાહનચાલકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેમાંથી ૫૬ જેટલા વાહનચાલકો પકડાતા પોલીસે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. જયારે સેકટરોના ફરતે પણ પોલીસે કિલ્લે બંધી કરી દેતા માર્ગો સુમસામ બની ગયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com